**કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આ.કૃ.યુ., સણસોલી ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત કૃષિ સખી/ વીલીંગ ફાર્મર માટે તારીખ: ૧૨-૦૧-૨૦૨૬ પ્રાકૃતિક કૃષિ તાલીમનો કાર્યક્રમ**

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી સણસોલી, તા.મહેમદાવાદ જી.ખેડા ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત દસ ગામના કૃષિ સખી અને કોમ્યુનિટી તેમજ વીલીંગ ખેડુતો માટે તા.૧૨-૦૧-૨૬ ના રોજ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તાલીમનો કાર્યક્રમ થયો. તેમાં મહેમદાવાદ તાલુકાઓના સાદરા, મોદજ, નેનપુર, ઘોડાસર, અડબોલી, બાવરા, સોજાલી, અપ્રુજી, રવદાવત, અને ચેલાવત ગામના કુલ ૧૭૮ ખેડૂતોએ ભાગ લીધ્યો. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કેંદ્ર સરકારે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ શરૂ કરેલ, તેના ભાગ રુપે પ્રાકૃતિક કૃષિ તાલીમના ત્રીજા તબ્બક્કાનો આરંભ કર્યો. આ પ્રસંગે આ કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ વડાશ્રી, ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. ભરત એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી, રાજદીપ ચૌહાણ પ્રોજેકટ મનેજરશ્રી, આત્મા ખેડાનો બી.ટી.એમ.સ્ટાફ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ મહાનુંભાવો દ્વારા શાબ્દિક સ્વાગત કરીને કરવામાં આવ્યો.

ડૉ. ડી. બી. પ્રજાપતિએ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ પર પ્રસ્તાવના, પરીચય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડેલ જુદી જુદી જાતો તેમજ બિયારણ ઉપલબ્ધિ વિશે માહિતી આપેલ છે. ડૉ. ભરતભાઇ એન. ઠક્કરએ પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો પર માહિતી આપેલ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ કરેલ હતુ તેમજ જીવામૃત તૈયાર કરી તેને વાપરવાની રીત પર માહિતી આપી. પ્રગતિશીલ ખેડુત અને ફાર્મર મિત્રશ્રી પ્રાકૃતિક ખેતી પાક સંરક્ષણ પર માહિતી આપી, પ્રત્યક્ષ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરેલ, સમગ્ર કાર્યક્રમનુ સંચાલન સુરેશ સોઢા પરમાર દ્વારા કરવામાં આવ્યુ.

સદરહુ તાલીમ કાર્યક્રમમા મહેમદાવાદ તાલુકા, જિ.ખેડાના સાદરા, મોદજ, નેનપુર, ઘોડાસર, અડબોલી, બાવરા, સોજાલી, અપ્રુજી, રવદાવત, અને ચેલાવત ગામોના સર્વ કૃષિ સખી અને વીલીંગ ફાર્મર તેમજ સર્વ સ્ટાફ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો અને પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત આહવાન કરવામાં આવ્યું.




ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, આ.કૃ.યુ., સણસોલી




ડૉ. ભરતભાઇ એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી, આ.કૃ.યુ., સણસોલી




ખેડુત મિત્રશ્રીઓ




જીવામૃત બનાવવાની રીત